આકાશવાણી ભુજ

સમાચાર વાચક : નેહલ ઠક્કર

ડીઇઓ : પ્રદીપ ચાવડા

તારીખ : **05-07-2024** સમય : સાંજે **6.25** વાગ્યે

---

## <u>પશુપાલન મંત્રી</u>

પશુપાલન મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું છે કે, રાજ્ય સરકારના પશુ કલ્યાણના આગવા અભિગમથી છેલ્લા બે દાયકા દરમિયાન પશુઓને થતા ચેપી રોગચાળામાં ધરખમ ઘટાડો થયો છે. તેમણે જણાવ્યું કે, "નેશનલ એનિમલ ડીસીઝ કંટ્રોલ પ્રોગ્રામ" હેઠળ ચોથા રાઉન્ડમાં રાજ્યના ૧૫૪ લાખ પશુઓને ખરવા-મોવાસાની રસી આપી રક્ષિત કરાયા છે..

શ્રી પટેલે વધુમાં જણાવ્યું હતું કે, બૃસેલ્લોસિસ રસીકરણના ત્રીજા રાઉન્ડની રસીકરણની કામગીરી માટે કેન્દ્ર સરકાર દ્વારા ૭ લાખ ૫૬ હજાર રસીના ડોઝ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા હતા. જેની સામે રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૫ લાખ ૫૩ હજાર પશુઓનું રસીકરણ પૂર્ણ થયું છે.

મંત્રીશ્રીએ કહ્યું હતું કે,રાજ્યના ૬૨ લાખ પશુઓનું લમ્પી સ્કીન ડીસીઝ સામે રસીકરણ કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં ૮૮ લાખથી વધુ મોટા પશુઓને કૃમિનાશક રોગ સામે સારવાર આપવામાં આવી છે. આ ઉપરાંત, અત્યાર સુધીમાં ૨૫૭ લાખ પશુઓનું ઈયર ટેગિંગ કરીને ગુજરાત રાજ્ય દેશમાં પ્રથમ સ્થાને છે.

**RNU અમદાવાદ**

---

## ગાંધીનગર-સહકારિતા દિવસ

આવતીકાલે ગાંધીનગર ખાતે કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિત શાહના અધ્યક્ષ સ્થાને "આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસ"ની ઉજવણી થશે.

સહકારિતા દિવસની ઉજવણી માટે ગુજરાતની પસંદગી પાછળ ગુજરાતમાં વધી રહેલી સહકારિતા પ્રવૃત્તિ અને સહકાર ક્ષેત્રની સિદ્ધિઓની મહત્વપૂર્ણ ભૂમિકા છે. રાજ્ય સરકાર સહકારિતા પ્રવૃત્તિને વેગ આપીને ગુજરાતના સહકારી ક્ષેત્રમાં રહેલી ક્ષમતાને પ્રોત્સાહન આપી રહી છે. પરિણામે આજે ગુજરાતના સહકારી ક્ષેત્ર ભારતના અર્થતંત્રને મજબૂત કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યું છે. ગત બે દાયકા દરમિયાન ગુજરાતે સહકારી ક્ષેત્રે અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે.

માહિતી ખાતુ

---

## રાપર-મધ્યાહ્ન યોજના કેન્દ્ર સંચાલક ભરતી

રાપરમાં પીએમ પોષણ યોજના અંતર્ગત કાર્યરત 21 મધ્યાહ્ન કેન્દ્રોમાં નવા શૈક્ષણિક વર્ષ 2024-25 માટે જગ્યાઓ ખાલી પડી છે. જેથી આ કેન્દ્રો પર મધ્યાહ્ન ભોજન યોજના કેન્દ્ર સાંચાલક તરીકેની નિમણૂક માટેની ભરતીની પ્રક્રિયા હાથ ધરાશે. લાયકાત ધરાવતા ઉમેદવારો 18 જુલાઈ સુધી અરજી કરી શકશે. જે કેન્દ્રોમાં ભરતી પડી છે, તેમની યાદી અને વિગતો મામલતદાર કચેરી પરથી મેળવી શકાશે.

માહિતી ખાતુ

---------------------------------------------------------------------

## ભુજ-પુનર્વસવાટ કચેરી ત્રિમાસિક બેઠક

નિવાસી અધિક કલેકટર મિતેશ પંડયાની અધ્યક્ષતામાં કલેકટર કચેરી ભુજ ખાતે તાજેતરમાં કચ્છ જિલ્લા સૈનિક બોર્ડની ત્રિમાસીક સમસ્યા નિવારણ સમિતિની બેઠક મળી હતી.  આ બેઠકમાં જિલ્લામાં વસવાટ કરતા પૂર્વ સૈનિકોને અને તેઓના પરિવારને લગતી સમસ્યાઓના સમાધાન બાબતની ચર્ચા કરવામા આવી હતી. બેઠકના સચિવ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી, સમસ્યા નિવારણ સમિતિના સભ્યો તેમજ પૂર્વ સૈનિક મંડળોના પ્રતિનિધિઓ અને આમંત્રિત પૂર્વ સૈનિકો ઉપસ્થિત રહ્યા હતા.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------

## અદાણી-રક્ત એકત્રિત

ભુજની જી.કે.જનરલ હોસ્પિટલની બ્લડ બેન્ક દ્વારા વીતેલા જૂન માસમાં વિશ્વ સ્વૈચ્છિક રક્તદાતા દિવસ અને અદાણી ગ્રુપ દ્વારા આયોજીત રક્તદાન કાર્યક્રમમાં 2004 યુનિટ બ્લડ એકત્રિત કરવામાં આવ્યું હતું. જૂન મહિનામાં ગાયનેક વિભાગને હોસ્પિલમાં સૌથી વધુ 280 બોટલ સહિત અન્ય ડિપાર્ટમેન્ટ જેમકે થેલેસેમીયા અને ઈમરજન્સી વિભાગમા આવેલા જરૂરિયાતમંદ દર્દીઓને સરળતાથી બ્લડ પૂરું પાડી શકાયું હતું.

**N.P. નેહલ ઠક્કર**

-----------------------------------------------------------------------

## ભચાઉ-વૃક્ષ વાવેતર

ભચાઉ તાલુકાના મોમયમોરા-ચોબારી ખાતે સામાજિક વનીકરણ રેન્જ ભચાઉ અને મોમાંયમોરા ચોબારીના ગ્રામજનોના સયુંક્ત ઉપક્રમે નર્મદેશ્વર મુક્તિધામ મોમયમોરા-ચોબારી ખાતે 5,100 વૃક્ષોનું વાવેતર કરાયું હતું. વાગડ લીલુંછમ થાય તે માટે ગ્રામજનો દર વર્ષે અલગ અલગ વિસ્તારોમાં મોટા પ્રમાણમાં વૃક્ષોનું વાવેતર કરે છે. જેમાં આ વર્ષે વડ, રગત રોહિડો, ઉંબરો, પીપળ, લીંબડો, ગુંદી, કણજી જેવા સ્થાનિક વૃક્ષો અને સ્થાનિક પક્ષીઓને ઉપયોગી એવા વૃક્ષોનું વાવેતર કરાયું હતું.

**N.P. નેહલ ઠક્કર**

-----------------------------------------------------------------

## <u>ભુજ-રથયાત્રા</u>

દર વર્ષે જગન્નાથ પુરી ઓડિસા અને અમદાવાદમાં ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળે છે તેવી જ રીતે છેલ્લા ૧૩ વર્ષથી ભુજ સ્વામિનારાયણ પ્રસાદી નૂતન મંદિર દ્વારા આ રથયાત્રાનું આયોજન કરવામાં આવે છે. આ રથયાત્રા રવિવારે બપોરે ૪ વાગ્યે હમીરસર કાંઠે મહાદેવ નાકાથી પ્રસ્થાન થશે જે બસ સ્ટેશન, વી.ડી. હાઈસ્કૂલ, જયુબિલી સર્કલ અને ત્યાંથી સ્વામિનારાયણ મંદિર પહોંચી સમાપન થશે. રથયાત્રામાં કચ્છ ભરના હરિભક્તોને પધારવા માટે નિમત્રણ આપવામાં આવ્યું છે. રથનું નિર્માણ કાર્ય માધાપર સ્વામિનારાયણના હરિભક્તો, મહિલા મંડળ, યુવક મંડળ દ્વારા કરવામાં આવે છે.

**N.P. નેહલ ઠક્કર**

-----------------------------------------------------------------

## <u>પીજીવીસીએલ-મેન્ટેન્ટસ ડ્રાઇવ</u>

ચોમાસાના પ્રારંભે જ ભુજ શહેરમાં વીજ વિક્ષેપની વ્યાપક ફરિયાદો ઉઠી રહી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં વારંવાર થતા વીજ ખોટીપાથી લોકો પરેશાન થઇ રહ્યા છે ત્યારે ગઇકાલે પીજીવીસીએલ દ્વારા શહેરના 11 કેવી ટાઇમસ્કવેર અર્બન ફીડરમાં મેન્ટેનન્સ ડ્રાઇવ હાથ

ધરવામાં આવી હતી. જેમાં 5 જુનિયર ઇજનેર, ભુજ, માંડવી, નખત્રાણા ડિવિઝનની ટીમો, કોન્ટ્રાક્ટરની ટીમો સહિત 60 લોકો જોડાયા હતા.

**N.P. નેહલ ઠક્કર**

---------------------------------------------------------------------------